# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-02-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PARIKSHA PE CHARCHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં ધોરણ 10 અને ધોરણ 12ના વિદ્યાર્થીઓ સાથે બોર્ડની પરીક્ષા અંગે વાતચીત કરી અને પરીક્ષાનાં તણાવથી કઈ રીતે દૂર રહેવું તેનું માર્ગદર્શન આપ્યું.

પરીક્ષા પે ચર્ચા અંતર્ગત યોજાયેલ સત્રોમાં દેશભરની સાથે ગુજરાતના અનેક વિદ્યાર્થિઓની પણ પસંદગી કરાઈ હતી. રાજ્યના મહીસાગર જિલ્લાના સંતરામપુરની ધોરણ 10ની વિદ્યાર્થિની હર્ષિકા ડામોરે પણ ભાગ લીધો હતો. તેણે આકાશવાણી સાથે પોતાનો પ્રતિભાવ આપ્યો.

(બાઇટ: હર્ષિકા ડામોર, વિદ્યાર્થિની)

. . . . . . . . . . . . .

# GOVERNOR - PARIKSHA PE CHARCHA

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે પરીક્ષા દબાણ કે ચિંતા નહીં પણ એક ઉત્સવ બનવી જોઈએ. ગાંધીનગરમાં કડી સર્વ વિદ્યાલયના બાળકો સાથે 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ દરમિયાન શ્રી દેવવ્રતે આમ જણાવ્યું. આ દરમિયાન રાજ્યપાલે  બાળકો સાથે સંવાદ પણ કર્યો.

. . . . . . . . . . . . .

# CM PARIKSHA PE CHARCHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ અન્વયે અમદાવાદના વસ્ત્રાલની ક્રિસ્ટલ ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે સહભાગી થયા. શ્રી પટેલે શાળાના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. શ્રી પટેલે કહ્યું કે માર્કસ કેટલા આવે છે તે નહીં માત્ર ભણવું જરૂરી છે.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી )

. . . . . . . . . . . . .

# CHOTAUDEPUR ARCHERY

છોટાઉદેપુરના નસવાડીમાં એકલવ્ય તીરંદાજી એકેડમી ખાતે જિલ્લા કક્ષાની તીરંદાજી સ્પર્ધા યોજાઇ. આ સ્પર્ધામાં જિલ્લાના અંડર 14 ભાઈઓ અને અંડર 17 બહેનોએ ભાગ  લીધો હતો. જિલ્લાના વિવિધ 6 તાલુકામાંથી ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા.

. . . . . . . . . . . . . .

# AMRELI AIR FORCE PROGRAME

ભારતીય હવાઈ દળ દ્વારા કારકિર્દી અંગે જાગૃતિ ફેલાવવા માટે અમરેલીમાં ઇન્ડક્શન પબ્લિસિટી પ્રોગ્રામનું આયોજન કરાયું. કે પી ધોળકિયા કોલેજ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં એક હજાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ અંગે હવાઈ દળના કમાન્ડરે વધુ માહિતી આપી.

. . . . . . . . . . . . .

## NARMADA HATHIPAGO

નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા આજથી હાથીપગા નાબૂદી કાર્યક્રમનો પ્રારંભ કરાવાયો. અ કાર્યક્રમ અંતર્ગત ડી.ઈ.સી. અને આલ્બેન્ડાઝોલ દવાનું સામૂહિક વિતરણ કરાયું. રાજપીપળાની નવદુર્ગા હાઈસ્કૂલ ખાતે શાળાના બાળકોને ટેબ્લેટનું વિતરણ કરાયું હતું.

. . . . . . . . . . . . .

# IIPC-AHMEDABAD

અમદાવાદ ખાતે ગઈકાલે 18મું વાર્ષિક આંતરરાષ્ટ્રીય બૌધિક સંપત્તિ સંમેલન યોજાઈ ગયુ. આ સંમેલનમાં ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી એટલે કે બૌધિક સંપત્તિ વિષય પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ સંમેલનનુ આયોજન ટ્રેડમાર્ક, પેટન્ટ, કોપીરાઇટ અને ડિઝાઇન જેવી બૌધિક સંપત્તિના અધિકારો માટે કાર્ય કરતી માર્ક પેટન્ટ સંસ્થા દ્વારા કરાયુ હતુ.

. . . . . . . . . . . . .

# Cricket - Police

અમદાવાદનાં નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે બુધવારે રમાનારી ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની એકદિવસીય મેચ અંતર્ગત પોલીસ કમિશ્નરે એક જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં આ રૂટ પર જતાં અમુક રસ્તાઓને પ્રતિબંધિત અથવા ડાયવર્ઝનવાળો માર્ગ બનાવવામાં આવ્યા છે. જેમાં જનપથથી મોટેરા સ્ટેડિયમ મુખ્ય ગેટ થઈ કૃપા રેસીડેન્સી થઈ મોટેરા ગામ સુધીનો જતો-આવતો માર્ગ વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત કરાયો છે. જ્યારે તપોવન સર્કલથી ONGC ચાર રસ્તાથી જનપથ થઈ પાવર હાઉસ ચાર રસ્તાથી પ્રબોધરાવાળ સર્કલ સુધી અવરજવર કરી શકાશે. તેમજ કૃપા રેસિડિન્સીથી શરણ સ્ટેટસ, ભાટ કોટેશ્વર રોડ, એપોલો સર્કલ તરફ અવર-જવર કરી શકાશે.

. . . . . . . . . . . . .

# GNR BOX CRICKET

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પ્રથમવાર મહિલા બોક્ષ ક્રિકેટનું આયોજન કરાયું હતું. જેમાં વડોદરા મેયરની ટીમ ચેમ્પિયન બની હતી.. શહેરના શિવાલય બોક્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ અંતિમ સ્પર્ધામાં વડોદરાની ટીમે ગાંધીનગરની ટીમ સામે વિજય મેળવ્યો હતો

ઉલ્લેખનીય છે કે, મહિલાઓનું રમતગમત ક્ષેત્રે યોગદાન વધે તે હેતુથી પુરુષ ક્રિકેટ ટુર્નામેન્ટની સાથે સાથે પ્રથમવાર મહિલા બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ હતી..

.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................